દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫

# ઉત્તરાખંડ અને હિમાચલમાં વારંવાર સર્જાતી વરસાદી હોનારતો માટે હવામાન પરિવર્તન જવાબદાર

છેલ્લા કેટલાક વર્ષથી ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ જેવા ઉત્તરીય પર્વતાળ રાજ્યોમાં વરસાદને કારણે ભારે તબાહીના અનેક બનાવો બની રહ્યા છે. આ વખતે પણ ચોમાસામાં આવી ઘટનાઓ બની, અને હવે ચોમાસાની વિદાયનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે પણ ફરી એક વાર આ બંને રાજ્યો ભારે વરસાદના પ્રકોપનો ભોગ બન્યા છે. ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂન અને રાજ્યના અન્ય ઘણા સ્થળોએ સોમવારે મોડી રાત્રે રાત્રે વાદળો ફાટવાની ઘટનાઓ અને ભારે વરસાદને કારણે વિનાશના દ્રશ્યો સર્જાયા છે. ઉભરાતી નદીઓએ ઇમારતો, માર્ગો અને પૂલોને તોડી નાખ્યા હતા જેમાં ઓછામાં ઓછા ૧૫ જણા માર્યા ગયા હતા, ૧૬ જણા લાપતા થયા હતા અને આ પર્વતીય રાજ્યમાં વિવિધ સ્થળોએ ૯૦૦ કરતા વધુ લોકો ફસાયા હતા. વિદાય લઇ રહેલો વરસાદ પણ અહીં કેવી તબાહી મચાવી શકે છે તેનું આ ઉદાહરણ છે. કુલ જાનહાનિમાંથી ફક્ત દેહરાદૂન જિલ્લામાં જ ૧૩નાં મોત થયા છે જ્યારે નૈનિતાલ અને પિથોરાગઢમાં એક-એકનાં મોત થયા છે. વિવિધ બનાવોમાં ત્રણને ઇજા પણ થઇ છે. વરસાદને કારણે મોટાભાગની નદીઓ છલકાઇ ગઇ હતી. તમસા નદી, જેને ટોન્સ નદી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના કિનારે આવેલા પ્રખ્યાત ટપકેશ્વર મંદિરમાં પાણી ભરાઇ ગયું હતું, જેના કારણે તેના પ્રવેશદ્વાર પાસેની વિશાળ હનુમાન પ્રતિમા ખભા સુધી ડૂબી ગઇ હતી. મંદિરના પૂજારી બિપિન જોશીએ જણાવ્યું હતું કે તેમણે છેલ્લા 25 થી 30 વર્ષોમાં નદીના પાણી આટલા ઊંચા વધતા જોયા નથી. પૂજારીની વાત સાચી હોઇ શકે છે. અહીં વરસાદ અને હવામાનની અન્ય ઘટનાઓની તીવ્રતા વધી રહી છે. દહેરાદૂન જિલ્લામાં રસ્તાઓ તૂટી ગયા હતા અને ઘણા પુલ ધોવાઇ ગયા હતા. ઉભરાતી નદીઓ રસ્તાઓ પર વહેતી હોવાથી, લોકોને સલામત સ્થળે ખસેડવા એક મોટો પડકાર હતો. રાજ્યમાં ઘણા માર્ગો, ઘરો અને દુકાનોને નુકસાન થયું છે જયારે અનેક પુલો તણાઇ ગયા છે. પાડોશના હિમાચલ પ્રદેશમાં પણ સ્થિતિ સારી નથી. આખી રાત પડેલા ભારે વરસાદને કારણે હિમાચલ પ્રદેશમાં મોટા પાયે ભેખડ ધસવાના બનાવ બન્યા હતા અને પૂર આવ્યું હતું, જેમાં મંડી જિલ્લામાં એક પરિવારના ત્રણ સભ્યોનાં મોત થયાં હતાં અને એક બસ સ્ટેન્ડ ડૂબી ગયું હતું. આ રાજ્યએ આ વષમાં અત્યાર સુધીમાં વાદળ ફાટવાની ૪૬, ભૂસ્ખલનની ૧૪૦ અને ઘોડાપૂરની ૯૭ ઘટનાઓ જોઇ છે. આ બંને રાજ્યો કેવી ભયંકર તબાહીઓ ચોમાસામાં જોઇ રહ્યા છે તેનું આ ઉદાહરણ છે. જો કે કાશ્મીર સહિતના બીજા ઉત્તરીય રાજ્યો પણ વરસાદી હોનારતો સહન કરે છે પરંતુ આ બંને રાજ્યોને સૌથી વધુ સહન કરવાનો વારો આવ્યો છે.

હાલમાં પડેલા ભારે વરસાદ માટે હવામાન વિભાગે પૂર્વીય અને પશ્ચિમી પવનોની ટક્કરનું કારણ આપ્યું છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં રાત્રે ભારે વરસાદે જે હાહાકાર સર્જ્યો તે ભેજથી ભરેલા પૂર્વીય પવનો અને સૂકા પશ્ચિમી પવનો વચ્ચે થયેલી ઉગ્ર ટક્કરને કારણે થયું હતું એ મુજબ હવામાન શાસ્ત્રીઓએ જણાવ્યું હતું. ભારતીય હવામાન વિભાગના દેહરાદૂખ ખાતેના પ્રાદેશિક કેન્દ્રના વડા સી.એસ. તોમરે જણાવ્યું હતું કે ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે વરસાદ સૂકા પશ્ચિમી અને ભેજવાળા પૂર્વીય પવનો ભેગા થવાથી સર્જાયો હતો અને ટક્કરની આ પ્રક્રિયા આગામી ૨૪ કલાક સુધી ચાલુ રહી શકે છે એમ તેમણે જણાવ્યું હતું. ખાનગી હવામાન આગાહીકાર કંપની સ્કાયમેટના ઉપપ્રમુખ મહેશ પલાવતે જણાવ્યું હતું કે આ પ્રદેશમાં હાલ કોઇ મોટી હવામાન સિસ્ટમ અસ્તિત્વમાં નથી. દેખીતી રીતે પવનોની ટક્કર જ જવાબદાર ગણી શકાય. આ રાજ્યોમાં આવી હોનારતો માટે ભલે હવામાનના આવા પરિબળો જવાબદાર હોય પરંતુ તેમની તીવ્રતા વધવા માટે આ રાજ્યો અને તેમની આજુબાજુના રાજ્યોમાં પાંખી થયેલી વનરાજી, ખાસ કરીને પૂર્વથી બંગાળની ખાડી તરફથી આવતા ભેજવાળા પવનોને રોકતા વૃક્ષો મોટા પ્રમાણમાં કપાઇ ગયા તે ઘણે અંશ જવાબદાર જણાય છે. આ પવનો હવે સડસડાટ આ પર્વતીય રાજ્યો સુધી ખેંચાઇ આવે છે અને છેવટે પર્વતો સાથે અથડાઇને અટકે છે અને ભારે વરસાદ પડે છે અને તબાહી મચે છે.

બીજા પણ અનેક કારણો નિષ્ણાતો આપે છે. ગરમ વાતાવરણ વધુ ભેજ ધરાવે છે, જેના કારણે વધુ તીવ્ર અને અચાનક ભારે વરસાદની ઘટનાઓ અને વાદળ ફાટવાની ઘટનાઓ બને છે. આબોહવા પરિવર્તન જેટ સ્ટ્રીમ સહિત વૈશ્વિક પવન પેટર્નને વિક્ષેપિત કરી રહ્યું છે, જે સિસ્ટમને નબળી પાડે છે અને પ્રદેશના આકાશમાં અસ્થિરતામાં ફાળો આપે છે. હિમાલય પર્વતોનો ઢાળવાળો, અસમાન ભૂપ્રદેશ ભારે વરસાદ પડે ત્યારે ભૂસ્ખલન અને માટી ધોવાણનો શિકાર બને છે. ગરમ તાપમાનના કારણે હિમનદીઓ ઝડપી દરે પીગળી રહી છે, જે ઢોળાવને અસ્થિર બનાવે છે અને અસ્થિર લટકતા બરફના સમૂહ બનાવે છે જે ભારે વરસાદ દરમિયાન અચાનક પૂરમાં ફાળો આપી શકે છે. આમ હવામાન પરિવર્તન અને પ્રદૂષણ અહીંની આ હોનારતોમાં મોટો ભાગ ભજવી રહ્યું છે.

## પ્રેમ છલકે સદા

આજે મેઘવ અને મેહાલી માટે મહત્ત્વનો દિવસ હતો. આજે ત્રણ વર્ષની પ્રતીક્ષા પછી મેઘવને પ્રમોશન મળવાની શક્યતા હતી. છેલ્લાં ત્રણ વર્ષથી મેઘવ લાયક હોવા છતાં કોઈ ને કોઈ કારણસર પ્રમોશન બીજાને મળતું અને મેઘવને નહીં. મેઘવ મુંઝાતો, નાસીપાસ થતો પણ મેહાલી તેને સાચવી લેતી, હિંમત આપતી અને ‘દરેક સંજોગોમાં હું તારી સાથે જ છું અને આપણે સાથે છીએ તો પછી દુ:ખી શું કામ થવું... પ્રમોશન આજે નહીં ને કાલે મળશે’ એમ કહી મેઘવને ખુશ કરતી. કોઈ ખોટી માંગ ન કરતી અને મેઘવ પ્રમોશન મેળવવા મહેનત ચાલુ રાખતો કારણ તેની ઈચ્છા મેહાલીને વધુ ને વધુ ખુશ રાખવાની હતી. મેહાલીની દરેક ઈચ્છા તેને પૂરી કરવી હતી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આજે સવારથી મેઘવનું મન થોડું ઉચાટ અને ચિંતામાં હતું કે પ્રમોશન મળશે કે નહીં? કારણ બે જણનાં નામ હતાં એક પોતાનું અને બીજું ડાયરેક્ટરના મિત્રના દીકરાનું... એટલે અને છેલ્લાં ત્રણ વર્ષથી નાસીપાસ થવું પડ્યું હતું એટલે મેઘવને ચિંતા હતી પણ મેહાલી શાંત હતી અને પછી તરત જ તે કામે લાગી. પ્રમોશન મળે તેને ઉજવણી માટે ઘર શણગાર્યું. મેઘવનાં ફેવરીટ ફૂલો સજાવ્યાં. સરસ ડીનર તૈયાર કર્યું. ડેઝર્ટમાં પણ મેઘવની પ્રિય ચોકોલાવા કેક બનાવી. તેણે બે કાર્ડ બનાવ્યા એક અભિનંદન આપી. આઈ લવ યુ જણાવતું અને બીજું હિંમત આપી હું તારી સાથે છું કહી આઈ લવ યુ જણાવતું કારણ કે તેને પણ ક્યાંક ઊંડે ડર હતો કે કદાચ જો મેઘવને પ્રમોશન ન મળે તો...

મેઘવ આવ્યો, ઘરની સજાવટ અને મેહાલીની તૈયારી જોઈ બોલી ઊઠ્યો, ‘અરે, મારા આવવા પહેલાં તને કઈ રીતે ખબર પડી મને પ્રમોશન મળી ગયું છે? મેં તો ફોન નહોતો કર્યો તને કોનો ફોન આવ્યો?’ આટલું બોલતાં મેઘવ મેહાલીને ભેટી પડ્યો... મેહાલી બોલી, ‘મને તારી મહેનત પર વિશ્વાસ હતો અને અભિનંદનવાળું કાર્ડ અને ફૂલો આપ્યાં... અને બોલી, ‘ચલ, તું ફ્રેશ થઇ જા એટલે જમી લઈએ.’

મેહાલી રસોડામાં ગઈ અને મેઘવ ફ્રેશ થવા બેડરૂમમાં મેહાલી માટે લાવેલી સરપ્રાઈઝ ગિફ્ટ છુપાડવા મેઘવે કબાટ ખોલ્યું અને તેને મેહાલીએ બનાવેલું બીજું પ્રમોશન ન મળે તો હિંમત આપતું કાર્ડ મળ્યું. મેઘવ ફ્રેશ થઇ તે કાર્ડ ધીમેથી હાથમાં લઇ મેહાલી પાસે આવ્યો અને બોલ્યો મને પ્રમોશન ન મળ્યું હોત તો... તારી સવારથી કરેલી બધી તૈયારી નકામી જાત ને...? મેહાલી કેન્ડલ પેટાવતાં બોલી, ‘ના, આ તો મારો પ્રેમ છે. તને પ્રમોશન મળે તો જ છલકે એવું નથી....’ મેહાલીનો ચહેરો કેન્ડલના પ્રકાશમાં સાચા પ્રેમની આભાથી ચમકતો હતો. મેઘવ મસ્તીમાં બોલ્યો, ‘હા, કાર્ડ બદલાઈ જાત...’ બંને હસી પડ્યાં.

# વિશ્વશાંતિ દિવસે અશાંત અરાજકતા તરફ એક નજર

## કહેવાની વાત

નેહા શાહ

> ‘વિશ્વશાંતિ’ની પરિકલ્પનામાં માત્ર યદ્ધવિરામ પૂરતી નથી. લાંબા ગાળાની સાચી શાંતિ સ્થાપવી હોય તો અસમાનતા અને અન્યાયને દૂર કરી સૌના માનવ અધિકાર જળવાય એવું વાતાવરણ ઊભું કરવું પડે

૨૧મી સપ્ટેમ્બર, એટલે કે સંયુક્ત રાષ્ટ્ર ઘોષિત ‘વિશ્વશાંતિ દિવસ’ સામે આવી રહ્યો છે, જ્યારે લગભગ અડધું જગત એક યા બીજા પ્રકારના અશાંત પ્રવાહોનો સામનો કરી રહ્યું છે. વિશ્વને શાંતિની તાતી જરૂર છે. પાછલા થોડાક જ દિવસો પર નજર નાખીએ તો દેખાય છે કે વિશ્વના દેશો વિવિધ પ્રકારની ઉથલપાથલમાંથી પસાર થઈ રહ્યા છે, જેમાં વિવિધ રાજકીય રંગો છે - એક તરફ અમેરિકા સમર્થિત ઈઝરાઈલના સંસ્થાનવાદી હુમલા અટકી જ નથી રહ્યા તો બીજી તરફ નેપાળ અને ઈન્ડોનેશિયા જેવા એશિયાઈ દેશોમાં લોકશાહીને મુઠ્ઠીભર સત્તાલોલુપ શ્રીમંતોથી બચાવી લોકાભિમુખ બનાવવા યુવાઓએ ભ્રષ્ટાચાર સામે વિદ્રોહ કર્યો છે. ફ્રાન્સમાં પણ વધતા જતા જીવનનિર્વાહના ખર્ચને કાબૂમાં લાવવા અસમર્થ સરકાર સામે હજારો લોકોએ સડક પર ઊતરી વિરોધ પ્રદર્શન કર્યાં. તુર્કીમાં પણ મુખ્ય વિરોધ પક્ષ પર કાયદાકીય કાર્યવાહી સામે હજારો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું. તો ત્રીજી બાજુ વિકસિત દેશોમાં રૂઢિવાદી પ્રવાહોની લહેર વધુ પ્રબળ બનતી પ્રગટ થઈ રહી છે. લંડનના રસ્તાઓ પર રૂઢિવાદી નેતા ટોમી રોબીન્સનની હાકલ પર લાખેક જેટલાં લોકો ઉમટી પડ્યાં અને સ્થળાંતરિતો સામે પ્રદર્શન કર્યાં.

વિશ્વશાંતિ દિવસની 2025ની ઉજવણીનો વિષય છે - ‘એક્ટ નાઉ ફોર અ પીસફુલ વર્લ્ડ’ - એટલે કે વિશ્વશાંતિ માટે હમણાં જ પગલાં લો. શાંતિ, અહિંસા અને સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે તાત્કાલિક અને નક્કર કાર્યવાહીનું આહ્વાન છે. ગાઝાની પરિસ્થિતિના સંદર્ભે અ વિષય ખૂબ જ પ્રસ્તુત છે. હવે તો સંયુક્ત રાષ્ટ્રે પણ સ્વીકાર્યું છે કે ઈઝરાઈલ પેલેસ્તીનમાં જે કરતું આવ્યું છે અને હાલમાં ગાઝાપટ્ટીમાં જે કરી રહ્યું છે એ માનવસંહાર છે! ગાઝાથી આવતા સમાચાર પ્રમાણે ઈઝરાઈલે ગાઝા શહેરમાં એક કલાકની મુદત પર લોકોને ઘર ખાલી કરવાની ચેતવણી આપી, મકાનોને ધરાશાયી કરવાનો સિલસિલો ચાલુ છે. સાથે સાથે વેસ્ટ બેંકના વિવાદિત સેટલમેન્ટ પ્રોજેક્ટને મંજૂરી પણ આપી દીધી જે પછી સ્વતંત્ર પેલેસ્તીન રાજ્યની શક્યતા નહીંવત્ બની જશે. કોઈ પણ શબ્દો ચોર્યા વિના ઈઝરાઈલી વડાપ્રધાન નેતન્યાહુએ જાહેરમાં કહ્યું જ છે કે પેલેસ્તીન નામનું કોઈ રાજ્ય રહેશે જ નહીં. વેસ્ટબેન્કની જમીન અમારી છે! આ વચ્ચે ભલે ને સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં ૧૪૨ દેશોએ પેલેસ્તીનના સમર્થનમાં અને માત્ર ૧૦ દેશોએ વિરુદ્ધમાં મત આપ્યો હોય કે પછી દેશની પૂર્વ રાજધાની તલઅવિવમાં હજારો લોકો યુદ્ધ બંધ કરવાની માંગ સાથે રસ્તા પર ઊતરી આવ્યાં હોય - સત્તાશાળી રાજ્યો કોઈની પણ દરકાર શું કામ કરે?

‘વિશ્વશાંતિ’ની પરિકલ્પનામાં માત્ર યદ્ધવિરામ પૂરતી નથી. લાંબા ગાળાની સાચી શાંતિ સ્થાપવી હોય તો અસમાનતા અને અન્યાયને દૂર કરી સૌના માનવ અધિકાર જળવાય એવું વાતાવરણ ઊભું કરવું પડે. આજના સમયમાં જ્યારે મોબાઈલ થકી દુનિયાભરની સાચી ખોટી માહિતી દરેક વ્યક્તિ સુધી પહોંચે છે ત્યારે સરકારની નીતિઓ અને ભ્રષ્ટ આચરણ કઈ રીતે સામાન્ય માણસ સુધી એના હક પહોંચવા નથી દેતા એ સૌને ખબર પડે છે. સોશ્યલ મિડિયા પર પરસ્પર નેટવર્કીંગ પણ આસાનીથી થઈ શકે છે. સોશ્યલ મિડિયા દ્વારા વિદ્રોહની શરૂઆત ૨૦૧૧માં આરબ સ્પ્રિંગ દરમ્યાન થઈ, જ્યારે ઈજીપ્ત, ત્યુનીશિયા, સીરીયા, લીબિયા જેવા મધ્ય એશિયાના ઘણા દેશોમાં સત્તાપલટો થયો. આ દેશોમાં ઉદારમતવાદી સરકારનું સ્થાન રૂઢિચુસ્ત શાસને લીધું. આ સંદર્ભે નેપાળ અને ઈન્ડોનેશિયાની ઘટના પર ખાસ ધ્યાન આપવા જેવું છે. જેન-ઝી, જેમને માટે એવી માન્યતા છે કે તેમને ઈન્સ્ટાની રીલ જોવા બનાવવા સિવાય કશામાં રસ નથી પડતો. તે રાજકારણમાં રસ લે, ભ્રષ્ટાચાર સામે અવાજ બુલંદ કરે એ હર્ષની વાત ગણાય. બેરોજગારી, ગરીબી, ભ્રષ્ટાચાર જેવા રોજિંદા જીવનને અસર કરતા પ્રશ્નો માટે લાખોની સંખ્યામાં લોકો વિરોધ પ્રદર્શન કરે તો લોકશાહી સાચી દિશામાં છે એવું મનાય. પણ ઠોસ નેતૃત્વ વિના ઊભું થયેલું આંદોલન તરત જ હિંસક અને અરાજક સ્વરૂપ ધારણ કરી શકે છે. એ માર્ગે સુખ અને શાંતિ જોજનો પાછળ રહી જાય છે.

શાંતિ ગમે તેટલી ઈચ્છનીય હોય, પણ વિશ્વમાં સંપૂર્ણ શાંતિની સ્થિતિ સ્થપાતી નથી. જેની પાસે સત્તા છે તે અન્ય પર નિયંત્રણ કરતા રહેશે ત્યાં સુધી સાચા અર્થમાં શાંતિ કઈ રીતે આવશે? સંયુક્ત રાષ્ટ્ર જ્યારે એક્ટ નાઉ ફોર પીસ’કહે છે તો એનો મતલબ થયો કે દરેક પ્રકારની હિંસા સામે સૌ કોઈએ અવાજ ઉઠાવવો પડશે. એ પણ સ્વીકારવું પડશે કે હિંસા પાછળ જાતીય, ધાર્મિક કે રાષ્ટ્રીય અસમાનતા કામ કરતી હોય છે એટલે અન્યોને નિયંત્રિત કરતી દરેક પ્રકારની સત્તા સામે બોલવું પડે, સત્તાનો બેફામ ઉપયોગ કરનાર સામે ખાસ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# દેશમાં મોંઘવારીનો વિરોધ કેમ ઠંડો પડી ગયો છે? એ સમજાતું નથી

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

> ખરેખર તો આ મુદ્દો હાલ સંસદમાં ઉઠવો જોઈએ. ચર્ચાવો જોઈએ. સરકાર પર ભાવ ઘટાડવા દબાણ થવું જોઈએ. રાજનીતિમાં સત્તા મેળવવા પ્રજાના પ્રશ્નો પણ ઉપાડી શકાય. ભાજપ વિપક્ષમાં હતું ત્યારે જે કરતું હતું તે કરવાની હવે જવાબદારી કોંગ્રેસની છે

માનનીય વડાપ્રધાનશ્રીના જન્મદિવસની ઉજવણીમાં ગળાડૂબ ચેનલો મોંઘવારી ભૂલી ગઈ છે. તો રાજનીતિમાં મતદાર યાદીમાં ગરબડો મુદ્દે વિપક્ષનાં ઘટક દળો જુદા જુદા મત રજૂ કરી ટી.વી. ચેનલોને મસાલો પૂરો પાડી રહ્યા છે. ગુજરાતમાં જુદી જુદી જાહેર હિંસા અને વરસાદ પછીની તકલીફો ચર્ચામાં છે પણ આ બધાની વચ્ચે વિચારવાનું એ છે કે આજે ભારતીયોને માટે સૌથી અગત્યનો મુદ્દો કયો છે? ખરેખર ક્યા મુદ્દાની ચર્ચા થવી જોઈએ? તો મોટા ભાગનાં લોકો કહેશે કે મોંઘવારી. બેશક ભારતીય જનતા પાર્ટીની સરકાર રચવામાં આ મોંઘવારીના પરિબળની અસર મોટી હતી અને માનનીય મોદી સાહેબનાં પ્રવચનોમાં પણ આ મોંઘવારીનો મુદ્દો છવાયેલો રહેતો હતો. એ વખતે ક્રુડ ઓઈલના ભાવ ૧૪૦ ડોલર પ્રતિ બેરલ અને ડોલર સામે રૂપિયો ૬૫ થી વધુનો ભાવ હતો ત્યારે પેટ્રોલ ડીઝલના ભાવવધારા માટે ભાજપ દ્વારા ભારત બંધનું એલાન પણ આપવામાં આવ્યું હતું. ડો. મનમોહનસિંહને અર્થશાસ્ત્રી તરીકે લલકારવામાં આવતા કે “આ ભાવ ઘટતા કેમ નથી” અને આજે ક્રુડ ઓઈલના ભાવ પહેલાં કરતાં ઓછા છે. ડોલર સામે રૂપિયો ૮૦ વટાવી ગયો છે અને કંપનીઓએ ક્યારના ભાવ સ્થિર કરી દીધા છે. હવે તો રોજે રોજ બદલાતા પણ નથી? જો આ જગ્યાએ કોંગ્રેસ હોત તો? મિડિયા અને અર્થશાસ્ત્રીઓ આજે ચૂપ છે. એમને ચૂપ છે એમ પણ કહી શકાતું નથી. એ લોકો બિનજરૂરી મુદ્દાઓ ચર્ચ્યા કરે છે? ખરેખર તો આજે દેશના અર્થશાસ્ત્રીઓએ સરકારને પૂછવું જોઈએ કે દુનિયામાં જયારે ક્રુડ ઓઈલના ભાવ ઊંચા જાય ત્યારે માંગ પુરવઠાના આધારે હવે ભાવ નક્કી થાય છે એમ કહીને નેતાઓ છટકી જતા હતા એ તમામ નેતાઓ આજે ચૂપ કેમ છે? શા માટે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં જે ઘટાડો થયો છે તેનો લાભ લોકો સુધી નથી પહોંચાડાતો? આપણે આ કોલમમાં અગાઉ લખેલું કે ડીઝલના, પેટ્રોલના ભાવ ઘટ્યા તો દૂધના ભાવ કેમ નથી ઘટતા? જો દૂધની થેલીના ભાવનો ઘટાડો તો ખેડૂતને આપતાં દૂધનો ભાવવધારાનો બધો લાભ ડેરીવાળા લઈ જાય છે. આપણે સૌ એ તો જાણીએ જ છીએ કે દૂધની ૫૦૦ ગ્રામની થેલી પર એક રૂપિયો ઘટાડો તોપણ ગરીબ માણસોને ખૂબ ફાયદો થાય. આમ તો સરકારનું મુખ્ય કામ નીતિઓ નક્કી કરવાનું અને કાયદા ઘડવાનું હોય છે. આપણે એક વાર નક્કી કર્યું કે હવે પેટ્રોલ ડીઝલના ભાવ બજાર પરિબળ નક્કી કરશે તો એને વળગી રહેવું જોઈએ. ભાવ વધે ત્યારે રાતોરાત ભાવ વધારનારી કંપનીઓને ભાવ ગગડી ગયા ત્યારે ભાવ ઘટાડવામાં કેમ ચૂંક આવે છે.

સરકારનું એ દાયિત્વ બને છે કે તે ન્યાય કરે અને જી. એસ. ટી. માં ફેરફારની જેમ એક્સાયીઝની કમાણીનો લોભ છોડી પ્રજાને ભાવઘટાડાના ખરા લાભ આપે. જો ડીઝલના ભાવમાં મોટો ઘટાડો થાય તો શાકભાજી,દૂધ સહિતની વસ્તુઓ સસ્તી થાય. રિઝર્વ બેંક પર વ્યાજ દર ઘટાડવા દબાણ કરનારા ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, અત્યારે કેમ બોલતા નથી? ક્યાંક એવું તો નથી ને કે ખાનગી પેટ્રોલ કંપનીઓને ભાવ ઘટાડવા ના પડે એટલે સરકારી કંપની ભાવ નથી ઘટાડતી?

કોન્ગ્રેસ હવે ૯૯ બેઠકો પછી સંસદમાં મજબૂત છે પણ આ ઓઈલ ભાવના મુદ્દે તે પણ ચૂપ છે? ખરેખર તો આ મુદ્દો તેણે હાલ સંસદમાં જ ઉઠાવવો જોઈએ. મિડિયામાં ચર્ચાવો જોઈએ. સરકાર પર ભાવ ઘટાડવા દબાણ થવું જોઈએ. રાજનીતિમાં સત્તા મેળવવા બધું જ થાય છે પણ સત્તા મેળવવા પ્રજાના પ્રશ્નો પણ ઉપાડી શકાય. ભાજપ વિપક્ષમાં હતું ત્યારે જે કરતું હતું તે કરવાની હવે જવાબદારી કોંગ્રેસની છે.

પેટ્રોલ ડીઝલના ભાવની જેમ જ મહત્ત્વનો મુદ્દો ટોલટેક્સનો છે. દેશમાં જીવનજરૂરી ચીજોના ભાવ વધવા પાછળ આ ટોલ બુથની ઉઘાડી લૂંટ પણ જવાબદાર છે. ગુજરાતમાં હમણાં આમ આદમી પાર્ટીએ આ માટે દેખાવો કર્યા પણ આ કામ આમ તો કોંગ્રેસે કરવું જોઈતું હતું. હમણાં જ ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓ વખતે આપણે લખ્યું હતું કે કોન્ગ્રેસે વિપક્ષ તરીકે મહેનત કરવાની જરૂર છે. એક જ મુદ્દા પર લોકો તેને સત્તા નહિ આપે. જીવનની તકલીફોના દરેક મુદ્દા પર તેમણે બોલવું પડશે.

દેશમાં ઘર ખરીદવું સામાન્ય માણસની પહોંચ બહાર છે. છોકરાં ભણાવવા દેવું કરવું પડે છે.

પગારો ઓછા છે. સરકારી નોકરીઓ નથી. કુટુંબના એક સભ્યની બીમારી કુટુંબને ગરીબી રેખા નીચે લાવી દે છે ત્યારે દેશના અત્યંત અપેક્ષા જગાવનાર વડાપ્રધાન શ્રી દેશની પ્રજાના મનની વાત સાંભળે અને બીજી બધી વાતો બાજુ મૂકીને મોંઘવારી ઘટાડવા પર ધ્યાન આપે એમ હવે સૌ ઈચ્છે છે. ક્રુડ ઓઈલના ભાવ ઘટ્યા છે ત્યારે આ કામ ઝડપથી થાય એમ છે. આછે દિન કંપનીઓના આવ્યા છે એનો લાભ પ્રજા સુધી પહોંચાડવાની જવાબદારી સરકારની છે. દેશના ૮૦ કરોડ હિંદુઓનું ખરું ભલું આમાં જ છે એ વાત હિન્દુવાદી નેતાઓએ સમજવી જોઈએ અને બીજું નહીં તો ‘હિંદુ હિત’ આર્થિક પણ હોઈ શકે એ સમજવું જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નેપાળ: યુવા આક્રોશ અને હિંસા

નેપાળનો ઘટનાક્રમ માત્ર રાજકીય ઊથલપાથલ નથી. યુવા આક્રોશનું અત્યંત અસરકારક પણ સ્વાભાવિક હિંસક સ્વરૂપ છે. યુવા ને ઉલટાવીને વાંચીએ તો વાયુ સમજાય. આ વાયુવેગે ઉમટેલા યુવાનો સમગ્ર વિશ્વને સંદેશ છે કે ચેતી જાઓ. આજનો યુવાન ઘોર હતાશામાં છે. પરંપરાથી તેનો વિચ્છેદ થઈ ચૂક્યો છે અને પ્રયોગ માટે અવકાશ નથી. જેણે તપ એટલે કે મહેનત કરી છે તેની પાસે તક નથી અને જેને તક મળી છે તેને તપ કરવું નથી. યુવાનો પાસે રોલ મોડેલ છીનવાઈ ગયા છે. આદર્શ અને વાસ્તવ વચ્ચેની ખાઈ બિહામણી છે. ઝેન-ઝીને કોઈ ફરક પડતો નથી. એક જમાનામાં ધર્મ, રાજનીતિ, શિક્ષણ, સમાજના અગ્ર હરોળના વ્યક્તિત્વોનો વિસામો અનુભવતો યુવાન નોંધારો કેમ થઈ ગયો છે? ભલું થજો ટેક્નોલોજીનું જેણે જગત આખાની તથાકથિત ભવ્યતાનાં ખોખલાં આવરણ હટાવી દીધા છે. સ્વામી વિવેકાનંદે માત્ર સો યુવાનો દ્વારા પરિવર્તનની સંભાવનાની વાત કરી હતી. નેપાળમાં સો નહીં, હજારો યુવાનો છે. પણ લગભગ નિરંકુશ, વિવેક અને આનંદથી વિમુખ. બુદ્ધ, મહાવીર કે ગાંધીનો મંત્ર છીનવી લઈએ તો શું થાય એ જોવું હોય તો નેપાળનું ઉદાહરણ તાજું છે.

ઝુંડાલ, ગાંધીનગર - ડૉ. યોગેન્દ્ર પારેખ

## સરકારશ્રીનું પેન્શન મેળવનારા જાગો.

લાંબા સમયથી પેન્શનરોની ચિન્તામાં વધારો થતો જાય છે. સરકાર ૮ માં વેતનપંચ બાબતે ખુલીને જાહેરાત કરતી નથી. પરિણામે કેટલીક અપ્રાસંગીક વાતો પેન્શનરો કે એમના પરિવારજનો ફેલાવી રહ્યા છે. સરકારની ફરજ છે કે આ બાબતે જવાબદાર અધિકારી પ્રેસવાર્તામાં ખુલાસો કરે. એક જાગૃત વ્યકિત તરીકે મને મોટા પ્રમાણમાં પૂછપરછ થતી રહે છે. જેમાં ધીરજ ધરવાની વાત થાય છે. દર ૧૦ વર્ષ બાદ સરકાર પગાર અને પેન્શનમાં સુધારા માટે પે કમીશનની ભલામણને ધ્યાને લઈ નક્કી કરેલ તારીખથી પગાર પેન્શન વધારો જાહેર કરે. આવુ છેલ્લા ૫૦ વર્ષથી અમલી છે. હાલનાં કર્મચારીઓની ગતીવિધિ સમજમાં નથી આવતી. જે મળે તે અને મોટાભાગના તો જે મેળવી લે તેનાથી રાજી હશે. અમારા સમયમા મંડળોની કામગીરી એવી કે સરકારમાં બેઠેલાઓ વિચારે શુ કંઈ નવાજુની તો ન થાય. બધુ બરાબર છે. આજે સક્રિયતા નથી દેખાતી. સુપ્રિમ કોર્ટ તરફથી એક પીટીશનનાં ઈન્ટરીમ જજમેન્ટમાં કહેવાયુ. ‘પેન્શન એ કોઈ પ્રિવિલેજ નથી. એ ફંડામેન્ટ રાઈટ છે. બીજી જે વાત કહી તે ગંભીર વાત. તેમ છતા તારીખ ૧/૧/૨૦૨૬ થી અમલવાળી બાબતે પેકમીશનની કોઈ વાત જાહેરમા આવી હોય તો કેજો.

કરાડી, નવસારી - મનુભાઈ પટેલ

## આઝાદી પછી પણ ગામડાની પરિસ્થિતિ કેવી!

ગુજરાતમિત્ર એડિટોરીયલ પેજ પર ડૉ.નાનક ભટ્ટનો લેખ વાંચી આ પત્ર લખવા માટે પેન ઉતાવળી બની. આજે ગામડામાં ઝડપી બદલાવ આવી રહ્યો છે જેનું કારણ શિક્ષણ છે પરંતુ તેમાં જે ગુણવત્તા હોવી જોઈએ તે ઓછી છે. છેવાડાના વિસ્તારોમાં આજે પણ આધુનિકીકરણ માટે નેટવર્ક નથી. જે લોકકાર્ય થવું જોઈએ તે ખાનગી ધારા ધોરણ મુજબ આપવામાં આવી તો ત્યાં વ્યાપારીકરણ થાય સેવા ન હોય ગામડા માટે તે મોંઘવારી તરીકે દુશ્મન કે વિલન બની શકે છે. નબળા વર્ગ માટે શૈક્ષણિક સંસ્થામાં અનુચ્છેદ 15 ( 5) મુજબ આરક્ષણ મળ્યું પણ જોઈએ તેટલા શિક્ષકો ન મળ્યા સરકાર 75 વર્ષમાં ઘણી જોગવાઈઓ કરતી રહી પણ ઉચ્ચ વર્ગના નાગરિકો તેમાં કાણું પાડીને કામ કરતાં આવ્યા છે. તે પછી આયુષ્યમાન કાર્ડ હોય કિસાન સન્માન નિધિ હોય કે ખાધા ખોરાકની યોજના હોય કોઈ પણ યોજનામાં પારદર્શકતાની જગ્યા પર ભ્રષ્ટાચારનો રાફડો જોવા મળે છે આઝાદીનો આટલો લાંબો સમય છતાં આજે ગામડાનો વિકાસ સુવર્ણમાં દેખાવું જોઈતો હતો પણ તે બુઠ્ઠો દેખાય છે. આજે યોજનાઓનો દુકાળ નથી પરંતુ સારા સેવકોનો દુકાળ છે.

ડોલવણ, તાપી - હરીશકુમાર ચૌધરી

## ચોરી, છેતરપીંડી જેવા દૂષણોની ગેરહાજરી

ભારતની આ ભૂમિ અનેક ધર્મોનું જન્મસ્થળ રહી છે. વૈદિક, જૈન, બૌદ્ધ અને શીખ ધર્મોની સાથે, અન્ય ઘણા ધર્મો પણ અહીં જન્મ્યા અને વિકસ્યા છે. દરેક ધર્મનો મૂળ એ છે કે માણસે ખુશીથી રહેવું જોઈએ. દરેક ધર્મનું પોતાનું દર્શન છે. આ ભૂમિ પર સમૃદ્ધિનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ઈતિહાસના પાના ફેરવતા, આપણને ખબર પડે છે કે ભૂતકાળમાં આ ભૂમિના રહેવાસીઓ ક્યારેય પોતાના ઘરોને તાળા મારતા નહોતા. એ દરમિયાન ભારતની મુલાકાતે આવેલા હ્યુ-એન-ત્સાંગ, ફા-હિએન, મેગાસ્થેનિસને એ જાણીને આશ્ચર્ય થયું કે આ દેશમાં ચોરી થતી નથી. ભારતના રહેવાસીઓ બીજા લોકોની વસ્તુઓ ચોરી કરવાની આદતથી સંપૂર્ણપણે મુક્ત છે. દેહરાદૂન, મસૂરી વગેરે વિસ્તારોમાં જોવા મળ્યું કે ત્યાંના ખેડૂતો અને મજૂરો ખૂબ જ ગરીબ અને પ્રામાણિક છે. જ્યારે તેમના ઘરના લોકો દિવસ દરમિયાન તેમના ખેતરમાં જાય છે અથવા કામ કરે છે, ત્યારે તેઓ તેમના ઘરને તાળા મારતા નથી. આજે પણ, ઉદયપુર જિલ્લાના આદિવાસી વિસ્તારોના લોકો તેમના ઘરને તાળા માર્યા વિના કામ પર જાય છે. આ ગામડાઓ જોઈને મનમાં વિચાર આવે છે કે ભારતના દૂરના ગામડાઓના રહેવાસીઓ, જ્યાં શહેરોની હવા હજુ સુધી પહોંચી નથી, ત્યા ચોરી, છેતરપીંડી જેવા ઘણા સામાજિક દુષણોથી દૂર છે.

સુરત - કાંતિલાલ માંડોત

## નકલી એપ્સ અને સાયબર ફ્રોડથી સાવધાન

વર્તમાન સમયમાં, ડિજિટલ વ્યવહારોનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. UPIથી લઈને ઓનલાઇન શોપિંગ સુધી, દરેક કાર્ય માટે આપણે સ્માર્ટફોન અને વિવિધ એપ્સનો ઉપયોગ કરીએ છીએ. જોકે, આ સુવિધાની સાથે સાયબર ફ્રોડ અને છેતરપિંડીનું જોખમ પણ વધ્યું છે. એક કોમર્સના અધ્યાપક તરીકે, મારું માનવું છે કે નાણાકીય સાક્ષરતાની સાથે હવે સાયબર સાવધાની પણ ખૂબ જ જરૂરી બની છે. હેકર્સ પ્રખ્યાત બેંક, ફાઈનાન્સિયલ સર્વિસ, કે શોપિંગ એપ્સ જેવી જ નકલી એપ્સ બનાવે છે. આ એપ્સ ડાઉનલોડ કરતાં જ તે આપણા ફોનનો ડેટા ચોરી લે છે. આ ઉપરાંત, અજાણ્યા નંબર પરથી આવતી લિંક્સ પર ક્લિક કરવાથી પણ આપણો મોબાઈલ હેક થઈ શકે છે. આવા ફ્રોડથી બચવા માટે, હંમેશા Google Play Store કે Apple App Store જેવા સત્તાવાર પ્લેટફોર્મ પરથી જ એપ્સ ડાઉનલોડ કરો. કોઈ પણ નવી એપ ડાઉનલોડ કરતાં પહેલા તેના રિવ્યૂ અને રેટિંગ જરૂર તપાસો. ઓનલાઇન ખરીદી કે બેન્કિંગ કરતી વખતે વેબસાઈટનું URL હંમેશા ‘https’ થી શરૂ થવું જોઈએ. યાદ રાખો, તમારી બેંક કે કોઈપણ સત્તાવાર સંસ્થા ક્યારેય તમને ફોન કરીને તમારો OTP, PIN કે પાસવર્ડ માંગતી નથી. આજે, ડિજિટલ વર્લ્ડમાં સુરક્ષિત રહેવું એ આપણી પોતાની જવાબદારી છે. આપણે સૌએ જાગૃત થઈને આવી છેતરપિંડીથી બચવું જોઈએ.

માંડવી, સુરત - પ્રો. ડો.ઉદય જે. લાખાણી